# સાબરકાંઠાના કલેક્ટર કોરોના પોઝીટીવ, ૧૪ દિવસ કોરોન્ટાઈન

## અગાઉ પ્રાંત ઓફીસરને પણ કોરોના થયો હતો : કલેક્ટરે અનેક વખત કન્ટેઈનમેન્ટ ઝોનની મુલાકાત લીધી હતી

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લામાં વહિવટીતંત્ર દ્વારા કોરોનાને અટકાવવા માટે છેલ્લા ઘણા સમયથી અનેકવિધ પગલા લઈને લોકોને સાવચેત કરવાના પ્રયાસ કરાઈ રહ્યા છે. ત્યારે જિલ્લાના મુખ્ય વહિવટી વડા એવા કલેક્ટરને કોરોના થતા તેઓને શુક્રવારે રાતથી કોરોન્ટાઈન થવાની ફરજ પડી છે. જોકે તેમના સંપર્કમાં આવેલા અન્ય ઉચ્ચ અધિકારીઓને પણ નિયમ મુજબ કોરન્ટાઈન થવુ પડે તો નવાઈ નહી.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠાના કલેક્ટર સી.જે. પટેલે ચાર્જ સંભાળ્યા બાદ તેના થોડા સમય પછી સાબરકાંઠામાં કોરોનાએ પગપેસારો શરૂ કરી દીધો હતો. જેને લઈને જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ સાવચેતીના અનેક પગલા લેવાયા હતા. એટલુ જ નહી પણ જિલ્લા કલેક્ટરે મોટાભાગના તમામ તાલુકાઓમાં તથા ગામડાઓમાં જ્યા કોરોના પોઝીટીવના કેસ નોંધાયા હતા તે વિસ્તારને કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરીને અધિકારીઓની ટીમ સાથે અચુક મુલાકાત લીધી હતી.

દરમિયાન શુક્રવારે હિંમતનગરના કોટન માર્કેટયાર્ડ ખાતે ખેડૂતલક્ષી કાર્યક્રમમાં તેઓ તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ હાજર હતા. ત્યારબાદ શુક્રવારે રાત્રે કલેક્ટરે તાવની ફરીયાદ કરતા એક તબિબે તેમના નિવાસસ્થાને જઈને રેપીડ ટેસ્ટ કર્યો હતો. જેમાં કોરોના પોઝીટીવના લક્ષણો જણાયા બાદ કલેક્ટરે સરકારની ગાઈડલાઈન મુજબ શુક્રવારે રાતથી કોરોન્ટાઈન થઈ જવાનું નક્કી કર્યુ હતુ.

શનિવારે જિલ્લા કલેક્ટર સાથે થયેલી વાતચિત મુજબ તેમની તબિયત સુધારા પર છે. પરંતુ નિયમોને આધિન રહીને તેઓ ૧૪ દિવસ સુધી ઘરે રહી જરૂરી સરકારી કામકાજ કરશે. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી જિલ્લા કલેક્ટરની સાથે રહેલા વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ જો સંક્રમિત થયા હશે તો તેમને પણ હોમ કોરોન્ટાઈન થવુ પડે તો નવાઈ નહી. થોડા દિવસ અગાઉ હિંમતનગરના પ્રાંત અધિકારીના પણ ટેસ્ટ કરાયા બાદ તેઓ કોરોના પોઝીટીવ જાહેર થતા તેમને હોમ કોરોન્ટાઈન થવુ પડ્યુ હતુ.

# અરવલ્લીમાં કોરોના વિસ્ફોટ : ૪૮ કલાકમાં ૧૫ કેસ

## મોડાસાના જાણીતા વકીલ અને એક વૃદ્ધને કોરોના ભરખી ગયો

અરવલ્લી જિલ્લામાં ૪૮ કલાકમાં બે લોકોએ કોરોના સામે જંગ હારતા દમ તોડી દીધો છે જયારે ૧૫ લોકો કોરોનાગ્રસ્ત બનતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો જીલ્લામાં કોરોનાએ ફરી માથું ઉચક્તા કેસમાં વધારો થયો હતો. અત્યાર સુધી જિલ્લામાં કુલ કેસનો આંક ૩૮૭ એ પહોંચ્યો છે.જયારે જિલ્લામાં કુલ મૃત્યુઆંક ૪૯ થયો છે. જિલ્લામાં ફરી ધીમે પગલે કોરોનાનું સંક્રમણ વધી રહયું છે.ત્યારે છેલ્લા ૪૮ કલાકમાં વધુ ૧૫ કેસ પોઝીટીવ નોંધાયા હતા.મોડાસાના જાણીતા વકીલ દિલીપભાઈ (બાદશાહ) ને કોરોના ભરખી જતા ભારે ચકચાર મચી છે

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો પ્રકોપ ઘટયો છે.પરંતુ મોટા શહેરોને બાદ કરતા અરવલ્લીમાં મોતનો આંકડો વધુ છે. શરૂઆતથી જ જિલ્લામાં કોરોનાથી મોતનું પ્રમાણ વધવા લાગ્યું હતું. મૃતકો પૈકી મોટાભાગના મોડાસા નગર ના જ દર્દીઓએ કોરોના સામે દમ તોડયો છે. જેથી મૃત્યુનો આંકડો વધી રહયો હોય લોકોમાં ફફડાટ ફેલાયો છે.જિલ્લામાં હાલ ૩૮૭ કોરોનાના કેસો નોંધાયા છે.સાથે ૪૯ લોકોને કોરોના ભરખી ગયો છે.જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધતા આગામી સમયમાં ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના કહેર મચાવે તો નવાઈ નહિ.

અરવલ્લી જિલ્લામાં ફરી ધીમે પગલે કોરોનાનું સંક્રમણ વધી રહયું છે.ત્યારે શુક્રવારે ૪ અને શનિવારે કોરોના બ્લાસ્ટ થતા વધુ ૧૧ કેસ પોઝીટીવ નોંધાયા હતા.શુક્રવારે ધનસુરાના ૬૦ વર્ષિય પુરૂષ, મોડાસાના ખલીકપુર વિસ્તારની ગ્રીન સોસાયટીના ૩૩ વર્ષિય પુરુષ મદાપુરકંપાના-૫૦ વર્ષિયે પુરૂષ અને પહાડપુર ગામની ૬૬ વર્ષિય મહિલા કોરોનામાં સંપડાયા હતા.શનિવારે મોડાસા તાલુકામાં ૧૦ લોકો કોરોનામાં સપડાયા હતા માલપુરના ત્રિકમપુરામાં ૨૮ વર્ષીય યુવક કોરોનામાં સપડાયો હતો આ તમામ દર્દીઓને સારવાર અર્થે કોવિડ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

## પરબડામાં ઘરના કમ્પાઉન્ડમાંથી અજાણ્યો શખ્સ ૧.૫૦ લાખની ગાડી ચોરી ગયો

હિંમતનગરના પરબડા વિસ્તારમાં આવેલ એક ઘરના કમ્પાઉન્ડમાંથી ત્રણ દિવસ અગાઉ અજાણ્યો શખ્સ રૂ. ૧.૫૦ લાખની કિંમતની ગાડી તથા ઘરમાંથી અન્ય ચીજવસ્તુઓ મળી અંદાજે રૂ. ૧.૭૫ લાખથી વધુની મત્તા ચોરી ગયાની ફરીયાદ શુક્રવારે હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે હિંમતનગરના જુના બજારમાં આવેલ વ્હોરવાડમાં રહેતા શાહનવાજ અબ્દુલઅજીજ સુરતીએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૬ થી ૨૭ ઓગષ્ટ દરમિયાન તેમના સાળા કે જેઓ પરબડા વિસ્તારમાં રહે છે ત્યાંથી અજાણ્યા શખ્સે ઘરના કમ્પાઉન્ડમાં રાખેલ ગાડી નં. જીજે.૦૧.આરએસ.૬૬૯૩ કે જેની કિંમત અંદાજે રૂ. ૧.૫૦ લાખની થવા જાય છે. તેની ચોરી કરી લઈ ગયો હતો. ઉપરાંત અજાણ્યા શખ્સે ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી રૂ. ૧૦ હજારનું ટીવી, ૧૫ હજારનું લેપટોપ અને સીસીટીવી કેમેરાનું ડીવીઆર મળી કુલ અંદાજે રૂ. ૧,૭૫,૦૦૦ની મત્તાની ચોરી કરી લઈ ગયો હતો.



**ગાબટ નાગરિક શરાફી મંડળીના નવીન મકાનનું ઉદ્‌ઘાટન કરાયુ**

બાયડ :-આજે ગાબટ ના હ્રદય સમાન નાગરિક શરાફી મંડળી ના નવીન મકાન નું ઉદ્‌ઘાટન ચેરમેન પટેલ અતુલભાઈ જયંતીભાઈ ના વરદ હસ્તે કરવામાં આવ્યું ...જેમાં નાગરિક બેંક ના ડિરેક્ટર, ગાબટ પંચાયતના સરપંચ તથા ગ્રામજનો હાજર રહ્યા હતા.

# ખેડૂતોના પરિશ્રમથી અને રાજ્ય સરકારની પહેલથી આજે ગુજરાત સમૃદ્ધ બન્યું

## ૫૦ મુદ્દા અમલીકરણ સમિતિના અધ્યક્ષ આઇ. કે. જાડેજા : જ્યાં માનવી ત્યાં સુવિધા આ સરકારે પહોંચાડી છે વડાપ્રધાન નરેન્દ્રભાઈ અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ખેડૂતોની વિશેષ ચિંતા કરીને અનેક કલ્યાણકારી યોજના બનાવી છે : શ્રીમતી રમીલાબેન બારા

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર, ઈડર ખેડબ્રહ્મા ખાતે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અંગે ખેડૂતોને મદદરૂપ થવા આઇ. કે. જાડેજાએ ખેડૂત કલ્યાણ યોજના અંગે પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

બે દિવસીય પ્રવાસ કાર્યક્ર્મમાં આજે ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર તાલુકાના ખેડૂતોને રૂા. ૯,૭૪,૯૯૪ સહાયના મંજૂરી પત્રો મહાનુભવો હસ્તે અપર્ણ કરાયા, સાબરકાંઠાના ૨ લાખ ૩૫ હજાર ખેડૂતોના ખાતામાં ૩૦૦ કરોડ રૂપિયા સીધા ખાતામાં જમા થશે.

રાજયભરમાં મુખ્યમંત્રી કિસાન સમૃધ્ધિ નવી યોજના માટે સાત પગલા ખેડૂત કલ્યાણના કાર્યક્રમ અંતર્ગત આત્મનિર્ભર ભારત અંતર્ગત ખેડૂતોને સીધા મદદરૂપ થવા માટે ખેડૂત માર્ગદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યા છે. આ કાર્યક્રમ અંતર્ગત આજે ખેડબ્રહ્મા ખાતે આત્મા પ્રોજેક્ટ અને ખેતીવાડી ખાતાના સંયુક્ત ઉપક્રમે ૫૦ મુદ્દા અમલીકરણ સમિતિ સ્વર્ણિમ જયંતી ગુજરાતના કાર્યવાહક અધ્યક્ષ શ્રી આઈ.કે.જાડેજાની અધ્યક્ષતામાં આર્બુદા સેવા





સમિતિ ભક્તિનગર સભાખંડ ખેડબ્રહ્મા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ જિલ્લાનું શાકભાજી, બાગાયતી પાકો આજે રાજ્ય અને રાજ્ય બહાર પણ પહોંચવા સક્ષમ બન્યું છે. તેના મૂળમાં ખેડૂત કલ્યાણ યોજના અને માર્ગદર્શન રહેલુ છે. પ્રધાનમંત્રી સન્માનનિધી યોજના થકી ખેડૂતોને ટેકો સહાય મળી છે. આપત્તિવેળાએ પણ ખેડૂતોને આ સરકાર મદદરૂપ થઈ છે. લોકડાઉન વખતે પણ ખેડૂતોને ખેતીકાર્યો માટે છૂટ આપવામાં આવી હતી.કોરોનાની મહામારી વચ્ચે ખેડૂતોને મદદરૂપ થવા આ નવી યોજનાઓ ખુબ જ ઉપયોગી બનશે જેનો સીધો લાભ ખેડૂતોને ડાયરેક્ટ ખાતામાં સહાય જમા થઈને મળે છે. જેમાં ખેતીવાડી, બાગયાત સહાય યોજના હેઠળ ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગરના ૧૪ લાભાર્થીઓને રૂ.૯ લાખ ૭૪ હજાર ૯૯૪ની સ્ટોરેજ યુનિટ, શાકભાજીના કાચા મંડપ તેમજ અન્ય સહાય ચુકવાઇ.

શ્રી આઈ. કે. જાડેજાએ જળ વ્યવસ્થાપન અને ટપક સિંચાઇ ઉપ ભાર મુકતા જણાવ્યું હતું કે, પાણીના ટીંપે ટીપાનો ઉપયોગ કરીએ, દેખા દેખી નહિ પણ ખપ પુરતું પાણી ખાતર અને દવાનો છંટકાવ ઉપર ટકોર કરી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નર્મદા યોજના પુરી કરવા અને ડેમની ઉંચાઇ વધારવા ડેમના દરવાજા મુકવા દિધર્દ્રષ્ટિ દાખવીને આજે ખેતરે ખેતરે નર્મદાના નીર પંહોચ્યા છે સુજલામ સુફલામ યોજના નવા બોરીબંધ ચેકડેમ અને જળ વ્યવસ્થાપનનું ઉત્તમ કામ રાજ્યમાં કર્યુ છે. હવે સમગ્રદેશમાં આ થિયરી વાપરીને ખેડૂતોને સમૃધ્ધિના માર્ગે પુરી તાકાતથી લઇ જઈ રહ્યા છે. આ પ્રસંગે આઇ.કે.જાડેજા દ્વારા લાભાર્થીઓને યોજનાકીય સહાયના મંજૂરીપત્રો અપર્ણ કર્યા હતા. સોશિયલ ડિસ્ટન્સ દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં ખેડબ્રહ્મા,પોશીના અને વિજયનગરના ના ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડબ્રહ્મામાં સર્જન ડૉક્ટરની આત્મહત્યાને પગલે અકસ્માતે ગુન્હો નોંધી પોલીસે તપાસ હાથ ધરી

## ભૂમિ નામની મહિલાએ જ ડોક્ટરને બચાવવા માટે ફોન કર્યો હતો : હવે સાચું રહસ્ય ભુમીની તપાસ બાદ બહાર આવે તેવી શક્યતા

ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં શુક્રવારના રોજ ડો. રોહિત ચૌહાણ ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું.જે અંગે ખેડબ્રહ્મા શહેરમાં ચકચાર મચીજવાં પામી હતી.

ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ ખાતે વર્ગ-૧ના તબીબ ડૉ પોતાની ચેમ્બરમાં ફરજ ઉપર હાજર હતા તેમની ચેમ્બર અંદરથી બંધ હતી જેથી સ્ટાફને જાણ થતા તેમની ચેમ્બર તપાસ કરી કાચનો દરવાજો તોડી તેમની ચેમ્બરમાં તપાસ કરતા પંખા સાથે દોરી બાંધેલી હાલતમાં લટકતાં જોવા મળેલ. જેથી સ્ટાફ ધ્વારા તાબડતોબ ઉતારી તેમની ચેમ્બરમાં થી બચાવવા અર્થે જનરલ ઓપીડી રૂમમાં ખસેડ્યા હતા પરંતુ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કરેલા પોલીસે તેમના ચેમ્બરની સઘન તપાસ કરી રહી છે તેમની ચેમ્બરની તમામ વસ્તુઓ,અને ડોકટર રોહિત નો મોબાઈલ કબજે લઈ તપાસ માટે સીલ કરવામાં આવેલ છે.

તેમના સ્વજનો તે જાણ થતા આકરુન્દ સાથે સિવિલ કેમ્પસ ખેડબ્રહ્મા આવી પહોંચ્યા હતા. પોલીસે પંચનામું કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે. પોલીસે ડો રોહીત ચૌહાણના નજીકના લોકોના નિવેદનો લાઇ તપાસ ચાલુ કરી હતી.

ડોક્ટરે ચાલુ ફરજ દરમિયાન તેમની ઓફિસમાં ગળે ફાંસો શા માટે ખાવો પડ્યો કે પછી કોઈ બીજું જ કારણ છે પરિવાર ધ્વારા ડૉક્ટસરનું પીએમ અમદાવાદ ફોરેન્સિક લેબમાં કરવા માંગ કરતા પોલિસ બંદોબસ્ત સાથે પીએમ અમદાવાદ કરવામાં આવ્યું હતું. અને બોડી તેમના પરિવારને સોંપવામાં આવી હતી.

ખેડબ્રહમાં શહેર પી.એસ આઈ વી.બી.પટેલના જણાવ્યા અનુસાર ડો.રોહિત ચૌહાણે ભૂતકાળમાં ભૂમિ નામની મહિલાને ખેડબ્રહ્મા ડેન્ટિસ્ટ પાસે સારવાર કરાવી હતી ત્યાંરે ભૂમિએ ડેન્ટિસ્ટનો નંબર લીધો હતો અને તેણી એ જ શુકવાર સાંજે ડેન્ટિસને ડો. રોહિતની ચેમ્બરમ જલ્દીથી પહોંચવા માટે ફોન મારફતે જણાવતા ડેન્ટિસ્ટ સ્ટાફને જાણ કરી હતી પણ ડૉક્ટર રોહિત ચૌહાણ ત્યાં સુધી જીવન ટૂંકાવી ચુક્યા હતા.

# મોડાસાના શિણાવાડ ગામે વીજકરંટ લાગતા આશાસ્પદ યુવક મોતને ભેટ્યો

અરવલ્લી જીલ્લામાં ચોમાસાની ઋતુમાં વીજ કરંટ લાગવાની અને જાનહાની થવાની પણ અનેક ઘટનાઓ દર વર્ષે નોંધાતી હોય છે વીજ કરંટ લાગવાથી જીલ્લામાં એક આશાસ્પદ યુવક કાળનો કોળિયો બની જતા અને એક મહિલા વીજકરંટના પગલે ગંભીર ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે દવાખાને ખસેડાઈ હતી મોડાસાના શિણાવાડ ગામે એક કિશોર પાણીની મોટરની સ્વીચ ચાલુ કરવા જતા વીજ કરંટ લાગતા મોત નીપજ્યું હતુ મેઘરજના છીટાદરા ગામે ઘરમાં સ્વિચ ચાલુ કરવા જતા વીજકરંટ લાગતા પટકાઈ જતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા મોડાસા સારવાર અર્થે ખસેડાઈ હતી.



શુક્રવારે અરવલ્લી જીલ્લામાં વીજ કરંટ લાગવાથી એક આશાસ્પદ યુવકે જીવ ગુમાવવો પડ્યો હતો મોડાસાના શિણાવાડ ગામે નયન મુકેશ ભાઈ પટેલ નામનો કિશોર પોતાના ઘરે ચાલી રહેલ મકાનના કામકાજમાં પાણી છાંટવા મોટર ચાલુ કરવા સ્વીચ પાડતાની સાથે વીજ કરંટના ઝટકાથી નીચે પટકાતા પરિવારજનો અને આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા અને કિશોરને તાબડતોડ સારવાર અર્થે દવાખાને ખસેડાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતુ પોલીસે પંચનામું કરી મૃતક કિશોરની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

મેઘરજ છીટાદરા ગામની ૩૦ વર્ષીય મહિલા ઘરકામ કરી રહી હતી ત્યારે ઘરમાં રહેલ લાઈટ ચાલુ કરવા સ્વિચ પડતાની સાથે મહિલાને વીજ કરંટ લાગતા ૩૦ વર્ષીય મહિલાના શરીરમાં વીજપ્રવાહ પસાર થવાની સાથે પટકાતા વીજકરંટ થી બેશુદ્ધ બનેલ મહિલાને પરિવારજનો તાબડતોડ સારવાર અર્થે મોડાસા ખાનગી હોસ્પિટલમાં ખસેડાતા તબીબોએ સઘન સારવાર હાથધરી હતી હાલ મહિલાની તબિયત નાજુક હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતુ મહિલાની સ્થિતી જોઈ પરિવારજનો ચિંતિત બન્યા હતા.

# આબુરોડમાં અર્બુદા ક્રેડીટ સોસાયટીની ૩૪ સંપત્તિ સિઝ

કોરોના મહામારી વચ્ચે ઈડીની ટીમે આબુરોડ અને માઉન્ટ આબુમાં આવેલી અર્બુદા ક્રેડિટ સોસાયટીની ૩૪ સંપતિઓ સીઝ કરી છે. બનાસકાંઠામાં અર્બુદા ક્રેડિટ સોસાયટી દ્વારા ગુજરાતના લોકો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડીની ઘટના બાદ ગુજરાત ઈઢની ટીમે કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાતના રોકાણકારોના ૫૫ કરોડ કરોડથી વધુ નાણાં અર્બુદા ક્રેડિટ સોસાયટીમાં ફસાયેલા છે. રાકેશ અગ્રવાલ નામના શખ્સે સમગ્ર છેતરપિંડી કૌભાંડ આચર્યુ હોવાની વિગતો બહાર આવી હતી. બનાસકાંઠામાં અર્બુદા ક્રેડિટ સોસાયટી દ્વારા ગુજરાતના લોકો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડીની ઘટના બાદ ગુજરાત ઈડીની ટીમે આબુરોડ અને માઉન્ટ આબુમાં આવેલી ૩૪ સંપતિઓ સિઝ કરી લીધી હતી. અર્બુદા ક્રેડિટ સોસાયટીમાં ગુજરાતના અનેક લોકોના નાણાં ફસાયેલા છે. જો કે ઈડીની કાર્યવાહીના કારણે રોકાણકારોમાં નાણા પરત મળવાનીની આશા બંધાઈ છે. ગુજરાત ઈડી વિભાગના છેલ્લા ત્રણ દિવસથી આબુરોડ અને માઉન્ટ આબુમાં ધામા નાખવામાં આવ્યા છે અને ટીમે રાકેશ અગ્રવાલ તેમજ તેના પરિવાર અને સંબંધીઓની કરોડો રૂપિયાની સંપત્તિ સીઝ કરીને તપાસ શરૂ કરી છે.

## બનાસકાંઠામાં કોરોનાના ૧૨ કેસ

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ બેકાબુ બન રહ્યું છે. જ્યાં શુક્રવારે વધુ ૧૨ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૧૬૧ પહોંચી ગઈ છે. બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. સ્થિતિ કાબુ બહાર જઈ રહી છે. કોરોના બેકાબુ બની રહ્યો છે. આવી સ્થિતિમાં શુક્રવારે એક જ દિવસમાં વધુ ૧૨ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૧૬૧ પહોંચી ગઈ છે. પોઝિટિવ દર્દીઓને સારવાર અર્થે તાત્કાલિક કોવિડ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સંપર્કમાં આવેલા લોકોને હોમ કોરેન્ટાઈન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ગુજરાત પ્રદેશ ઉચ્ચત્તર માધ્યમિક સંવર્ગ અધ્યક્ષ ચૂંટાયા

હિંમતનગર, તા. ૨૯

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતમાં ઉચ્ચત્તર માધ્યમિક (ગ્રાન્ટેડ) સંવર્ગના અધ્યક્ષ તરીકે સાબરકાંઠાના મિતેષભાઈ ભટ્ટની વરણી કરાઈ છે. શુક્રવારે યોજાયેલી ગુજરાત રાજ્યની કારોબારી મીટીંગમાં તે ઉપરાંત માધ્યમિક સંવર્ગના પ્રદેશ અધ્યક્ષ તરીકે ઉત્તર ગુજરાતના રમેશભાઈ ચૌધરી, સંગઠન મંત્રી તરીકે સાબરકાંઠાના મહેશભાઈ ભટ્ટની વરણી કરાઈ હતી. જે બદલ શૈક્ષિક મહાસંગના હોદ્દેદારો તથા સભ્યોએ તેમની વરણીને બિરદાવી હતી.

# બનાસકાંઠાના લોકો મને છેતરી ગયા : નીતિન પટેલ

ડીસા. તા. ૨૯

કોરોના મહામારી વચ્ચે નાયબ મુખ્યમંત્રી વિકાસકામોના લોકાર્પણ માટે ઊંઝા પહોંચ્યા હતા. જ્યાં તેમના એક નિવેદનથી ચર્ચાઓ ઉભી થઈ છે. નીતિન પટેલે કહ્યુ હતુ કે, બનાસકાંઠાના લોકો મને છેતરી ગયા. જોકે બાદમાં તેમને ખુલાસો કરતાં કહ્યુ હતુ કે, બનાસકાંઠામાં લોકો મને છેતરી ગયા. કારણ કે, લોકો રોડ મંજૂર કરાવે ગામથી ગામ સુધીના પણ એમણે તો રોડ મંજૂર કરાવ્યા ગામથી ખેતર સુધીના જ છે.

મહેસાણા જીલ્લાના ઊંઝામાં ગઈકાલે યોજાયેલા એક કાર્યક્રમમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે નિવેદન આપ્યું હતું કે, બનાસકાંઠામાં લોકો મને છેતરી ગયા. કારણ કે, લોકો રોડ મંજૂર કરાવે ગામથી ગામ સુધીના પણ એમણે તો રોડ મંજૂર કરાવ્યા ગામથી ખેતર સુધીના જ. સમગ્ર ગુજરાતમાં ભારે વરસાદને કારણે રસ્તાઓ તુટી ગયા છે જેને કારણે અનેક જગ્યાએ ખાડા જોવા મળી રહ્યાં છે. રસ્તાઓ તુટી જતાં ગુજરાતના લોકો ત્રાહિમામ પોકારી ગયા છે.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે વધુમાં કહ્યું હતુ કે, મારી ચકાસણી કરવાની પદ્ધતિ છે અને સાચું અને સારું કામ કરવાની જવાબદારી છે. આ પ્રજાના પૈસા છે, ટેક્સ ભર્યો છે પ્રજાએ અને ટેક્સ સરકારની તિજોરીમાં આવે છે અને અમે તમારા વતી વહીવટ કરીએ છીએ.



**ડીસાના વિશ્વકર્મા નગરમાં ઘરે જ ગણપતિ વિસર્જન**

કોરોના મહામારીના કારણે ડીસા શહેરમાં ભાદરવા ચોથ એટલે કે ગણેશ ચતુર્થી નિમિતે શહેરમાં નગર જનોએ ઘેર ઘેર ગણેશજીની મૂર્તિની સ્થાપના કરી હતી અને શ્રધ્ધાળુ ભાઈ બહેનો દ્વારા ઘરે જ ગણેશજીની સવાર સાંજ પૂજા અર્ચના કરવામાં આવી હતી ત્યારબાદ આજ રોજ જળ ઝીલણી અગિયારસ નિમિતે સૌએ પોત પોતાના ઘેર જ ગણેશજીની મૂર્તિનું વિસર્જન કર્યુ હતું. કેટલાક લોકોએ પોતાના ફાર્મ હાઉસ ખાતે પાણીના બોર દ્વારા વિસર્જન કર્યું હતું. સાથે સાથે નાના નાના બાળકોને બટુક ભોજન પણ આપ્યું હતુ . જેમાં ડીસા રેલવે સ્ટેશનના વિશ્વકર્મા નગરમાં રહેતા પત્રકાર કાંતિલાલ લોધા પરિવાર દ્વારા પણ સોસાયટીમાં રહેતા નાના બાળકોને જમાડયા હતા તેમજ દક્ષિણા પણ આપી હતી અને વિધિવત રીતે ગણેશજી વિસર્જન કર્યું હતું.

## આરઆઈસીએસ સ્કૂલ ઓફ બિલ્ટ એન્વાયરમેન્ટે વર્ષ ૨૦૨૦નું નવું સત્ર શરૂ થયાની જાહેરાત કરી

એમિટી યુનિવર્સિટીની આરઆઈસીએસ સ્કૂલ ઓફ બિલ્ટ એન્વાયરમેન્ટે નવા વિદ્યાર્થીઓની બેચ માટે નવું શૈક્ષણિક સત્ર ૨૦૨૦-૨૧ શરૂ કરવાની જાહેરાત કરી છે. નવું શૈક્ષણિક સત્ર ૧લી સપ્ટેમ્બર, ૨૦૨૦થી નોઈડા અને મુંબઈના કેમ્પસમાં ઓનલાઈન મોડમાં શરૂ થશે.

આરઆઈસીએસ એસબીઈએ તેના નોઈડા અને મુંબઈના કેમ્પસમાં વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ હાજરી માટે મંજૂરી મળે ત્યાં સુધી ઓનલાઈન સત્રો શરૂ કરવાના નિયમનકારી નિર્દેશોને અનુરૂપ સત્ર શરૂ કરવા માટે તૈયારીઓ કરી લીધી છે. સંસ્થા કેમ્પસમાં વિદ્યાર્થીઓને આવકારવા માટે જરૂરી બધું જ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવે છે.